PRABHAT EDUCATION FOUNDATION

December 2020 Issue No. 13

# Roshni

**Reaching Out to Serve Humanity with New Initiatives**

## અમારા વિશે

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન સંસ્થા કે જે 2003થી અમદાવાદના વંચિતવર્ગના સ્પેશિયલ નીડ બાળકો સાથે કામ કરે છે. પ્રભાત બાળકો અને પુખ્ત વયે માનસિક અને શારીરિક પડકારોની સેવા કરે છે, તેમની સંપૂર્ણ સંભાવના પ્રાપ્ત કરવામાં મદદ કરે છે.સંસ્થા ૩ પ્રોગ્રામ દ્વારા કાર્ય કરે છે:-પ્રભાત સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન, એડવોકેસી દ્વારા નેટવર્કિંગ. પ્રભાતે એક બાળક સાથે કામ શરૂ કર્યું હતું અને આજે તેનો વિકાસ અમદાવાદમાં વિશેષ જરૂરિયાતો ધરાવતા 3000 થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો, પડોશીઓ અને સમુદાયોને સ્પર્શે છે.

## અનુભવો...

મહેઝબીન જયારે વટવા સેન્ટરમાં આવી ત્યારે તે 5 વર્ષની હતી. મહેઝબીન M.R.ની સાથે C.P. બાળક છે. તે સેન્ટરમાં આવી ત્યારે તે ચાલી શકતી નહોતી તેને બિહેવીયર પ્રોબ્લેમ હતો. તે સ્કૂલમાં દરરોજ ટોયલેટ કરી નાખતી હતી. બાળકને સ્કૂલે આવવું પસંદ નહોતું. તેને સ્પીચ પ્રોબ્લેમ પણ છે તેથી તે પાણી પીવા માટે પાણીને "ઓવા" કહીને માંગતી હતી.

મહેઝબીનના મમ્મી અને પપ્પાને મહેઝબીનની બહુ ચિંતા રહેતી. સેન્ટરમાં મહેઝબીન સાથેના રિહાબિલેટેશનથી ધીરે-ધીરે સ્કૂલના વાતારણમાં સેટ થવા લાગી, તે સેન્ટરનાં બીજા બાળકો સાથે એક્ટીવીટી કરતી થઈ. હવે મહેઝબીનને સ્કૂલમાં આવવું ગમવા લાગ્યું. મહેઝબીન આવી ત્યારે ચાલી શકતી નહોતી. સેન્ટરમાં તેને ફિઝીયોથેરાપી મળવાથી હવે તે ચાલતી થઇ ગઈ છે. પાણી માટે જે "ઓવા" શબ્દ વપરાતી હતી, તેની જગ્યાએ હવે "પા" શબ્દ બોલાતી થઇ છે. પાણી પીવાની જગ્યાએ જાતે જઈને પાણી પીવે છે, જમવાની જગ્યાએ બેસીને જમવાનું જાતે જમે છે. જે બિહેવીયર પ્રોબ્લેમ છે તે દૂર થયો છે. મહેઝબીન પઝલ, મણકા પરોવવા જેવી એક્ટીવીટી કરે છે. મહેઝબીનને તૈયાર થવાનો શોખ હોવાથી તે જાતે સરસ તૈયાર થાય છે. નવા-નવા કપડાં પહેરવા ગમે છે. તે પોતાની જાતે સ્વચ્છ રહે છે. અત્યારે કોરોના સમયમાં મહેઝબીન માસ્ક પહેરીને જ બહાર જાય છે. મહેઝબીનનો પ્રોગ્રેસ જોઈને તેના માતા-પિતા ખૂબ જ ખુશ થાય છે.

By: Bhavneesha Kherala
Special Educator



મહેઝબીન



**યુનિક ઇન્ટરવેન્શન**

જેવી રીતે સામાન્ય માણસ માટે આધારકાર્ડ હોય છે તે રીતે વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓ માટે **UDID કાર્ડ** [Unique Disability ID] સરકાર દ્વારા આપવામાં આવે છે. "મિનિસ્ટ્રી ઓફ સોશિયલ જસ્ટિસ એન્ડ એમ્પાવરમેન્ટ", ગુજરાત ગવર્મેન્ટે પ્રભાત સંસ્થા સાથે એક પાર્ટનરશીપ કરી છે. UDID કાર્ડ માટેના પ્રમોશન માટેની આ પાર્ટનરશીપ છે. આ કાર્ડ કઢાવવા માટે ઓનલાઇન ફોર્મ ભરવામાં આવે છે, અને આ કાર્ડ દિલ્હીથી ઇસ્યુ કરવામાં આવે છે. વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને અલગ-અલગ દસ્તાવેજોની નકલો રાખવી જરૂર રહેતી નથી, કારણકે આ એક જ કાર્ડમાં બધી જરૂરી વિગતોનો સમાવેશ થઇ જાય છે. UDID કાર્ડ એ ભવિષ્યમાં વિવિધ લાભ મેળવવા માટે દિવ્યાંગોની ઓળખ અને ચકાસણીનો એકમાત્ર દસ્તાવેજ છે. સમાજ-સુરક્ષા વિભાગમાંથી પ્રભાત સંસ્થાને આ કાર્ડ માટેના ઓનલાઇન ફોર્મ ભરવા માટેની લિંક આપવામાં આવી છે. સંસ્થા દ્વારા જાન્યુઆરી 2020માં 70 જેવા વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓના ફોર્મ ઓનલાઇન ભરવામાં આવ્યા હતા, હાલમાં સંસ્થાએ 13 વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓના UDID કાર્ડ માટે ફોર્મ ભરવામાં આવ્યા.

http://www.swavlambancard.gov.in/

**મુબારક હો!**

"બાર બાર દિન યે આયે, તુમ જીઓ
હજારો સાલ, સાલ કે દિન હો હજાર
હેપ્પી બર્થ ડે ટૂ યુ,
હેપ્પી બર્થ ડે ટૂ યુ."
પ્રભાત ટીમની જન્મદિન નિમિત્તે ખૂબ-ખૂબ શુભેછા.



14th Jan, દિવ્યાબેન



01th Jan, પૌલોમીબેન

https://www.youtube.com/channel/UCe1oxuBWMDvyCRk2EPzzjlA

https://www.facebook.com/Prabhateducationfoundation/

https://www.instagram.com/prabhat_education_foundation/



**લર્નિંગ ફોર મેઈનસ્ટ્રીમ ચિલ્ડ્રન:-**પ્રભાત સંસ્થા દ્વારા બાળકોને જરૂરી ભણતર આપી, બાળકોનો યોગ્ય વિકાસ કરીને નોર્મલ સ્કૂલમાં એડ્મીસન આપવામાં આવે છે. સંસ્થા દ્વારા ચાલતા આ પ્રોગ્રામને સ્કૂલ-પ્રોગ્રામ પણ કહેવાય છે. સ્કૂલ-પ્રોગ્રામ સાથે સંસ્થાના હાર્દિકભાઈ અને કેયુરભાઈ મુખ્યત્વે જોડાયેલા છે. તેઓ સંસ્થા સાથે જોડાયેલી અલગ-અલગ સ્કૂલોમાં જઈને મેઈનસ્ટ્રીમ બાળકોને ભણતર આપે છે. સ્કૂલ-પ્રોગ્રામમાં વિજ્ઞાન, ગણિત, સોશિયલ સાયન્સ, ઈંગ્લીશ જેવા વિષયો પર ભણતર આપવામાં આવે છે. અઠવાડિયામાં જે તે નક્કી કરેલા દિવસે જઈને 5-7 બાળકોને જે-તે વિષયો પર ભણતર આપીને તે વિષયોને લગતા અસાઈમેન્ટ/મટીરીયલ બનાવી હોમવર્ક આપીને બાળકોને આવતા અઠવાડિયે બોલાવવામાં આવે છે.

**બડી ઈન્ટરેક્સન:-** રિવરસાઇડ સ્કૂલ અને પ્રભાત સંસ્થા "બડી ઈન્ટરેક્સન" પ્રોગ્રામ માટે એકબીજા સાથે સંકળાયેલા છે. કોરોનાના કારણે બંને સંસ્થાના બાળકો પોતાના બાળીને યાદ કરતા હોય ત્યારે બંને સંસ્થાના બાળકોએ ઓનલાઈન ઝૂમ મીટીંગ દ્વારા પોતાના બડી [મિત્ર] સાથે મસ્તી કરી.

**સાધન-સહાયના લાભ:-** સંસ્થા દ્વારા દર મહિને સરકારી સાધન-સહાયના લાભ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને આપવામાં આવે છે. તેના માટે પ્રથમ બાળકો/વ્યક્તિઓનું સંસ્થામાં એસેસમેન્ટ કરવામાં આવે છે, અને જરૂરી એવા ડોક્યુમેન્ટ તૈયાર કરાવવામાં આવતા હોય છે. ડિસેમ્બર મહિના દરમ્યાન 8 બાળકોના એસ.ટી. પાસના ફોર્મ ભરવામાં આવ્યા.

તે ઉપરાંત વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો/વ્યક્તિઓને મળતી વિવિધ સાધન-સહાય યોજના અંગેના કુલ 17 ફોર્મ ઓનલાઈન ભરવામાં આવ્યા. હીયરીંગ એઈડ, MR કીટ, વહીલચેર, વિવિધ પ્રકારની ફેરી, સીવવાનું મશીન, ટ્રાયસિકલ જેવા સાધનોનો સમાવેશ થયેલ છે.

**વેબિનાર:- (1)**Attention deficit hyperactivity disorder (ADHD): Causes & Interventions for Parents and Professionalsના વેબિનારમાં સંસ્થાના જાગૃતિબેન, કાશ્મીરાબેન અને ભાવનીષાબેને ભાગ લીધો હતો. તેઓને સર્ટિફિકેટ આપવામાં આવ્યા છે. આ વેબિનારમાં ટીમ મેમ્બરને ઘણું બધું શીખવા અને જાણવા મળ્યું છે. (2) Augmentative and Alternative Communication (AAC) બેયોન્ડ ક્લાસરૂમના વિષય પર ચેન્નાઈથી વિદ્યાસાગર સંસ્થાના પૂનમ નટરાજનના વેબિનારમાં સંસ્થાના શિક્ષકોએ ભાગ લીધો હતો. ક્લાસરૂમની બહાર બાળકો સાથે કઈ રીતે એક્ટીવીટી કરવી અને તે કંઈ રીતે બાળકો માટે ઉપયોગી બની રહે તે શિક્ષાઓએ વેબિનાર દ્વારા તાલીમ મેળવી હતી.

**સ્પીચ-થેરાપી ટ્રેનિંગ:-** શ્રીમતી બિરગિટ માર્ટિન જર્મનીમાં સ્પીચ થેરાપીના નિષ્ણાંત છે, જેઓ પ્રભાત સંસ્થાના ખૂબ સારા મિત્ર અને શુભેચ્છક છે. સંસ્થાએ તેઓની સાથે 4 વર્ષ પહેલા 10 દિવસ માટે સ્પીચ-થેરાપીને લાગતો એક બોન્ડ તૈયાર કર્યો હતો. તે બોન્ડના ભાગરૂપે હાલમાં તેઓ દ્વારા સંસ્થાના શિક્ષકોને સ્પીચ-થેરાપીને લગતી ટેકનીકો અને તાલીમ આપવામાં આવે છે. આ મહિના પછીથી સંસ્થા અને શ્રીમતી બિરગિટ માર્ટિનના સહયોગથી સ્પીચ-થેરાપીના સેશન અને તાલીમ સંસ્થાના બાળકો અને પેરેન્ટ્સ સુધી પહોંચાડવામાં આવશે. સંસ્થા હંમેશાથી શ્રીમતી બિરગિટ માર્ટિનની આભારી છે કે તેઓએ પોતાના વ્યસ્ત શિડ્યુલમાંથી સમય કાઢી પ્રભાતને સમય આપી રહ્યા છે. તેની સાથો-સાથ સંસ્થાના બાળકો અને ટીમ પ્રત્યે તેઓને ખૂબ પ્રેમ છે.

**પ્લે વિથ ક્લે થેરાપી:-** માટી એક આકારાત્મક અને સમય પસાર કરવા માટેનો રસપ્રદ વિષય રહ્યો છે. સંસ્થામાં બાળકોને જરૂરિયાત પ્રમાણેની થેરાપી આપીને તેઓનો વિકાસ કરવામાં આવે છે. ત્યારે NID સ્ટુડન્ટ સૃષ્ટિ પોતાના ક્લે-થેરાપી કોન્સેપટને સંસ્થામાં લાવી અને તે 9 મહિનાથી સંસ્થાના બાળકોને ક્લે-થેરાપી કરાવીને બાળકો સાથે સમય પસાર કરી રહી છે. તેના દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી માટી કુંભારો દ્વારા ઉપયોગમાં લેવામાં આવતી મોલ્ડિંગ માટી હોય છે, કારણ કે તે પર્યાવરણને અનુકૂળ છે અને તે સાથો-સાથ બાળકો માટે હાનિકારક હોતી નથી. સમય જતા તેને વિશિષ્ટ જરૂરિયાતો ધરાવતા બાળકો પર થતી માટીની અસર અંગે અભ્યાસ કર્યો અને તે પ્રમાણેની ક્લે-થેરાપી આપવાની શરુ કરી. ડિસેમ્બર મહિનામાં તેણે પ્રભાતની ટીમ સાથે એક મનોરંજક ઈન્ટરેક્ટિવ સેશન કર્યો અને શિક્ષણ, થેરાપી અને રમત માટે માટીનો ઉપયોગ કરવા માટેની એક પ્રોડક્ટ રજુ કરી હતી. તે પ્રોડકટ તેણે પ્રભાત સાથે વિતાયેલ સમય પરથી સ્ટડી કરીને તૈયાર કરી હતી. તે ટૂંક સમયમાં સંસ્થાની વેબસાઈટ પર ઉપલબ્ધ થશે.

**NID student**:- NIDના સ્ટુડન્ટ પ્રભાત સંસ્થા સાથે વોલિયન્ટર્સ તરીકે જોડાયેલા છે ત્યારે ડિસેમ્બર મહિનામાં NID સ્ટુડન્ટ અર્જુન અને તેમની ટીમ દ્વારા સંસ્થાની ટીમ સાથે વટવા સેન્ટરમાં અનાથ બાળકોને પડતી મુશ્કેલીઓ અને તેમના ભવિષ્યના વિષય પર ચર્ચા કરવામાં આવી.

**અન્ય માહિતી:-** સંસ્થાના એક શિક્ષક હાર્દિકભાઈએ લગ્નજીવનમાં પ્રવેશ કર્યો છે. સંસ્થા તરફથી નવદંપતિને નવજીવનની ખૂબ-ખૂબ શુભેચ્છા.









Photo Gallery










**Address:** A-4, Sujal Apartment,
Opp. Satellite Bungalows, Ramdevnagar,
Ahmedabad-380015.
**Phone:** +91-79-48903054;
**Mobile:** +919825009427
**Email:** prabhat@prabhatedu.org
**Website:** www.prabhateducationfoundation.org

PRABHAT
EDUCATION FOUNDATION